ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૨/૩૬૬૪-૩૭૫૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૦૪/૦૪/૨૦૨૨

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- રાજયમાં આવેલ તમામ શાળાઓએ તેમની સ્થાપના દિવસની જન્મદિન તરીકે ઉજવણી કરવા બાબત.

**સંદર્ભ**:- (૧) શિક્ષણ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ- પીઆરઇ/૧૨૨૦૨૨/૩૯૮/ક તા. ૧૬/૦૩/૨૦૨૨
(૨) શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંકઃ- પરચ/૧૨૨૦૨૨/૧૧૧/વ.૨ તા. ૨૩/૦૩/૨૦૨૨

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા તા.૧૧/૦૩/૨૦૨૨ ના રોજ GMDC ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે યોજાયેલ "ગુજરાત પંચાયત મહાસંમેલન" ને સંબોધન કરેલ હતું. જેમાં દર વર્ષે દરેક શાળાએ તેની સ્થાપના દિવસને જન્મદિવસ તરીકે ઉજવવા અંગે સૂચન કરેલ હતું. સદર સૂચનના અમલીકરણ માટે શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. જેની આનુસંગિક સૂચના આપવા સદર કચેરીને નિર્દેશ કરેલ છે. જે અનુસંધાને નીચે દર્શાવેલી બાબતોને ધ્યાને લઇને શાળાના શિક્ષકો, બાળકો, ગ્રામજનો, શાળા વ્યવસ્થાપન સમિતિ તથા બાળકોના વાલીઓની સહભાગીતા રાખીને શાળાનો જન્મદિવસ ઉજવવાનો રહેશે. જેમાં નીચેની માર્ગદર્શક બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૧) ગામમાં શાળાની સ્થાપના કયા સંજોગોમાં, કોના દ્વારા કરવામાં આવેલ હતી, તેમાં અધ્યયન કરનાર શાળાના સ્થાપના સમયના વિદ્યાર્થીઓ જો હયાત હોય તો તેઓને બોલાવી તેમનું સન્માન કરવું. તેમના દ્વારા જે તે સમયે શાળા શરૂ કરી તેના સંસ્મરણો હાલના વિદ્યાર્થીઓ પાસે રજુ કરાવવા. શાળામાં ભણેલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવીને સરકારમાં કે અન્ય કોઇ ઉચા હોદ્દા પર હોય, રાજય/રાષ્ટ્ર કક્ષાની સરકારી/ખાનગી સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દો ધરાવતા હોય તેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સન્માનવા અને તેઓ કેવા સંજોગોમાં કઇ રીતે ઉચ્ચ શિક્ષણ મેળવીને આગળ વધ્યા છે તે બાબતની પ્રેરણા હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળી રહે તે બાબતની યોગ્ય વ્યવસ્થા કરાવવી.

(૨) શાળામાં શાળાની શરૂઆતથી માંડીને અત્યાર સુધીમાં બાળકોના પ્રવેશની વિગતોનો એક અભ્યાસ કરી નામાંકન ૧૦૦% તરફ જઇ રહયુ છે તેની વિગતો ગ્રામજનો સમક્ષ રજુ કરાવવી.

(૩) શાળાના વિકાસમાં હાલમાં કઇ કઇ બાબતોની સુવિધાઓ ઉપલબ્ધ છે તથા કઇ બાબતોની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની થાય છે તે બાબતનો શાળા વિકાસ પ્લાન સમગ્ર ગ્રામજનો

Scanned with CamScanner

તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કરવો. શાળામાં ખૂટતી સુવિધાઓ ઉપલબ્ધ કરવવા માટે જરૂરી લોક સહયોગ મેળવવો.

(૪) શાળા શરૂ થઇ ત્યારથી અત્યાર સુધી શાળા છોડી ગયેલા વિદ્યાર્થીઓનું વિશ્લેષણ કરવું તેઓ કેવી સ્થિતિમાં શાળામાં અભ્યાસ છોડી દીધેલ છે તે બાબતનું વિશ્લેષણ કરી હાલમાં ભણતા બાળકો શાળા છોડી ન જાય તે માટેના સઘન પ્રયત્નો હાથ ધરવા

(૫) છેલ્લા કેટલાંક વખતથી શાળાઓમાં નામાંકનનો ૧૦૦% તરફ લક્ષ્યાંક સિધ્ધ થતો જોવા મળે છે. આવા સંજોગોમાં પંચાયતના જન્મ મરણ રજીસ્ટરમાં તમામ બાળક તથા ગામના અન્ય બાળકો કે જેમની ઉંમર શાળામાં પ્રવેશપાત્રતા ધરાવે છે તેવું એક પણ બાળક શાળા પ્રવેશથી વંચીત ન રહે. તમામ બાળકોનું ૧૦૦% એનરોલમેન્ટ શાળામાં થાય તેમાનું એક પણ બાળક ફરજીયાત પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરતા સુધી શાળા છોડી ન જાય તેની કાળજી રાખવી. ધોરણ ૫ અને ધોરણ ૮ ના બાળકોને અન્ય શાળામાં દાખલ થવાનું થતુ હોય તો આવું બાળક તેના આગળના શિક્ષણથી વંચીત ન રહે તે બાબતે શાળાના મુખ્ય શિક્ષક તથા શિક્ષકોએ જે તે બાળકો કઇ શાળામાં પ્રવેશ લીધો છે તે નિશ્ચિત કરશે. શાળામાં દાખલ થયેલા તમામ બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે શિક્ષણની યોગ્ય લાઇન પસંદ કરી શકે તથા બાળકોની શૈક્ષણિક ઉપલબ્ધિઓ સાથે સાથે કૌશલ્ય વિકસાવી શકે તે પ્રકારની પ્રવૃત્તિઓ શાળામાં કરાવવી, બાળકના શારિરિક, માનસિક અને મનોસાંવેગિક બાબતનો સમતોલ પણે વિકાસ થાય તે સંદર્ભે શાળામાં કઇ કઇ પ્રવૃત્તિઓ કરવામાં આવે તથા ભવિષ્યમાં કઇ કઇ પ્રવૃત્તિઓ કરવામાં આવનાર છે તે બાબતની વિગતો સમગ્ર ગ્રામજનો સમક્ષ કરવી.

(૬) જે બાળકો અભ્યાસ કરે છે તે તમામ બાળકો પૈકી જે તે ધોરણમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબર લાવનાર બાળકોનું સન્માન કરવું અને બાળકોને તેમની શૈક્ષણિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉચ્ચ કક્ષાની ઉપલબ્ધી સિધ્ધ કરી શકે તે માટે પ્રોત્સાહિત કરવા.

(૭) શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સમયાંતરે શાળાની મુલાકાત લઇ શાળાના શિક્ષકો તથા બાળકોનો પરામર્શ કરીને બાળકોની શૈક્ષણિક ઉપલબ્ધિઓ કઇ રીતે વધી શકે તેનો વિચાર વિમર્શ કરીને યોગ્ય રીતે અમલ કરવો.

(૮) બાળકોને પાયાના જ્ઞાનની ઉપલબ્ધી થાય અને સ્વચ્છતાનો અભિગમ બાળકોમાં વિકસે તે માટે શાળા સ્વચ્છતા, વર્ગખંડની સ્વચ્છતા, બાળકોને પોતાની તથા પોતાના કપડાઓની સ્વચ્છતા રાખવા કેળવાય તેવા પ્રયત્નો શાળામાં કરવા.

(૯) હાલમાં પર્યાવરણમાં થયેલ ફેરફારોને ધ્યાને લઇને શાળામાં ભણતા બાળકો નાનપણથી જ પર્યાવરણ પ્રત્યે સજાગતા કેળવવા માટે શાળામાં બાળકોના રહેઠાણ આજુબાજુના વિસ્તાર, ગ્રામ્ય વિસ્તારમાં જયા વૃક્ષારોપણ શકય હોય ત્યા વૃક્ષારોપણ કરાવવું તથા તેના ઉછેરની માવજત કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવી.

Scanned with CamScanner

(૧૦) બાળકોમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતાં કાર્યક્રમોનું આયોજન શાળાના જન્મ દિવસે કરવું. શાળામાં શાળાની સ્થાપના દિવસથી અભ્યાસ કરી ગયેલ તમામ હયાત વ્યકિતઓને આપની કક્ષાએથી સંપર્ક કરીને શાળાના જન્મ દિવસની ઉજવણીમાં ભાગ લેવા આમંત્રિત કરવાના રહેશે.

(૧૧) ગ્રામજનોના લોકસહયોગથી તીથીભોજનનું આયોજન કરવુ.

આમ, ઉપરોકત બાબતે શાળાના જન્મોત્સવની ઉજવણી પુરા દિવસની થાય જેમાં બાળકોની સંપૂર્ણ સહભાગીતા રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. ઉકત શિક્ષણ વિભાગનો પરિપત્ર ધ્યાને લઇ આપની કક્ષાએથી તાત્કાલિક જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા તથા આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

(ર્ડા. એમ.આઇ.જોષી)
નિયામક પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- શ્રી એમ.કે.પરમાર, ઉપ સચિવશ્રી, ક- શાખા, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- શ્રી હેતલ સચાણીયા, સેકશન અધિકારીશ્રી, વ.ર શાખા, શિક્ષણ વિભાગ, ગાંધીનગર

Scanned with CamScanner

રાજ્યમાં આવેલ તમામ શાળાઓએ તેમની
સ્થાપના દિવસની જન્મદિન તરીકે ઉજવણી
કરવા બાબત.

29 MAR 2022

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પીઆરઈ/૧૨૨૦૨૨/૩૯૮/ક
સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
તા. ૧૬/03/૨૦૨૨

વંચાણે લીધા :

(૧) માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા તારીખ ૧૨/03/૨૦૨૨ની ગુજરાત મુલાકાત દરમિયાન કરવામાં આવેલ આહવાન સંદર્ભે આપવામાં આવેલ મૌખિક સૂચના

**પ્રસ્તાવના :**

માન. પ્રધાનમંત્રીશ્રી તારીખ ૧૧/03/૨૦૨૨ થી ૧૨/03/૨૦૨૨ એમ બે દિવસની ગુજરાત મુલાકાતે આવેલ હતા. જેમાં તારીખ ૧૨/03/૨૦૨૨ના રોજ GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે આયોજિત ગુજરાત પંચાયત મહાસંમેલનમાં સભાને સંબોધતા માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા દર વર્ષે દરેક શાળાએ તેની સ્થાપના દિવસને જન્મદિવસ તરીકે ઉજવવા અંગે સૂચન કરેલ હતું. માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરવામાં આવેલ આહવાન સંબંધે આ બાબતની અમલવારી કરવાની બાબત અંગે માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સૂચના મુજબ માન. શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી દ્વારા માર્ગદર્શન આપેલ જે વિભાગની વિચારણા હેઠળ હતું. જે મંજુરી અન્વયે નીચે મુજબ સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

**પરિપત્ર**

રાજ્યમાં આવેલ તમામ શાળાઓએ તેમના સ્થાપના દિવસને શાળા જન્મદિવસ તરીકે ઉજવણી કરવાની રહેશે. આ અંગેની વધુ જરૂરી સૂચનાઓ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા બહાર પાડવામાં આવશે.

28 MAR 2022

(એમ. કે. પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamScanner

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (પ્રા. અને મા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.શિ. અને માશિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોકનં.૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં. ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨,ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રી/મ્યુનિસીપલ કમિશનરશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફતે)
- વિભાગની સર્વે શાખાઓ.
- આઇ.ટી. શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ પરિપત્ર વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂં)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Scanned with CamScanner

आजादी का अमृत महोत्सव

ક્રમાંક:પરચ/૧૨૨૦૨૨/૧૧૧/વ.૨

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાંધીનગર

તા.૨૩/૦૩/૨૦૨૨

પ્રતિ,

(૧) નિયામકશ્રી, શાળાઓની કચેરી.,બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૩) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭ ગાંધીનગર.

વિષય: માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તારીખ.૧૧/૦૩/૨૦૨૨ ના રોજ આપેલ માર્ગદર્શન અન્વયે શાળાનો જન્મદિવસ ઉજવવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે વિકાસ કમિશનરશ્રીની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગરના તા.૧૬/૦૩/૨૦૨૨ ના પત્ર ક્રમાંક :વિક/સંકલન/વશી/૩૩/૨૦૨૨ના પત્રની નકલ બિડાણ સહિત આ સાથે સામેલ રાખી જાણ તથા જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

નિયામકશ્રી

બિડાણઃ- ઉપર મુજબ

આપની વિશ્વાસુ

(હેતલ સચાણીયા)

સેક્શન અધિકારી

શિક્ષણ વિભાગ

31 MAR 2022

Scanned with CamScanner

નં.વિક/સંકલન/વશી/ ૬૩ /૨૦૨૨
વિકાસ કમિશનરશ્રીની કચેરી
બ્લોક નં. ૧૬/૨
જૂના સચિવાલય,
ગાંધીનગર
તા.૧૫/૦૩/૨૦૨૨

PS
30846
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

પ્રતિ,
સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)
બ્લોક નં : ૭/૫
સચિવાલય, ગાંધીનગર

વિષય: માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તારીખ ૧૧/૦૩/૨૦૨૨ ના રોજ આપેલ માર્ગદર્શન અન્વયે શાળાનો જન્મદિવસ ઉજવવા બાબત

સંદર્ભ : માનનીય મુખ્ય સચિવશ્રીનો તા. ૧૨/૦૩/૨૦૨૨ ના રોજ મળેલ પત્ર

માનનીય સાહેબશ્રી,

આપ સુવિદિત છો કે તા. ૧૧.૦૩.૨૦૨૨ નારોજ પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગુજરાત પંચાયત મહાસંમેલન: "આપણું ગામ, આપણું ગૌરવ" કાર્યક્રમનુ ભવ્ય આયોજન કરવામાં આવેલ જેમા સમગ્ર ગુજરાત રાજ્યના ત્રિસ્તરીય પંચાયતીરાજ સંસ્થાના પદાધિકારી ઓને આમંત્રિત કરવામાં આવેલ.

ગુજરાત પંચાયત મહાસંમેલન: "આપણું ગામ, આપણું ગૌરવ" કાર્યક્રમમાં માનનીય વડાપ્રધાન દ્વારા ત્રિસ્તરીય પંચાયતના તમામ પદાધિકારીઓને પંચાયતીરાજ સંસ્થાને વધુ મજબૂત બનાવવા અને ગામડાંઓનો વધુ સારી રીતે વિકાસ કરવા બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં માનનીય વડાપ્રધાન દ્વારા દરેક ગામમાં આવેલી શાળાનો જન્મદિવસ ઉજવવા તેમજ ઑપ્ટીકલ ફાઇબર થકી ટેલી એજ્યુકેશનની સુવિધા ગામના તમામ લોકોને મળે તે બાબતનુ સૂચન કરેલ છે. જેથી આઝાદીના અમૃત મહોત્સવ કાર્યક્રમ હેઠળ ઑગષ્ટ ૨૦૨૩ સુધીમા તમામ શાળાઓનો જન્મદિવસ ઉજવાય તેમજ ટેલી એજ્યુકેશનની સુવિધા ગામને મળે તે અંગે આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી થવા વિનંતી.

આભાર સહ.

વિકાસ કમિશ્નર
વિકાસ કમિશ્નરની કચેરી,
ગાંધીનગર, ગુજરાત

નકલ સવિનય રવાના જાણ સારુ,
માન. અધિક મુખ્ય સચિવશ્રી,
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
બ્લોક નં : ૮/૩, સચિવાલય

માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી.
મુખ્યમંત્રીશ્રી કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય

નકલ રવાના યોગ્ય કાર્યવાહી સારુ,
કલેક્ટરશ્રી (તમામ)
જીલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)

Secy (edn)

Scanned with CamScanner